ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના ૧૮૬૩

બારડોલી-વ્યારા-ભરૂચ

સમાચાર

	મહત્તમ	લઘુતમ
અંકલેશ્વર	૩૮.૦° સે.	૨૩.૦° સે.
બારડોલી	૩૭.૦° સે.	૨૨.૦° સે.
ભરૂચ	૩૮.૦° સે.	૨૩.૦° સે.
વ્યારા	૩૭.૦° સે.	૨૨.૦° સે.

કુમકુમના પગલાં પડ્યા માડીના હેત ભળ્યા.. જોવા લોકો ટોળે વળ્યા રે.....



ભરૂચના દાંડિયાબજારના મંદિરમાં વિષાયંત્રમાંથી જળ નીકળે છે

આ મંદિરની સ્થાપના વર્ષ 1944 માં થઈ હતી. જ્યારે ભરૂચ જિલ્લામાં વર્ષો પહેલાં અન્ય કોઈ મંદિર ન હતું, ત્યારે આ અંબાજી મંદિરની સ્થાપના કરવામાં આવી હતી. ભરૂચના દાંડિયા બજાર સ્થિત આ અંબાજી મંદિરમાં રહેલા વિષાયંત્રમાંથી જળ નીકળે છે, જે અહીંનું એકમાત્ર અને અનોખું રહસ્ય તેમજ ચમત્કાર માનવામાં આવે છે. આ પવિત્ર ધામ ભક્તો માટે આસ્થાનું પરમ કેન્દ્ર છે અને નવરાત્રી તેમજ અન્ય તહેવારોમાં અહીં મોટી સંખ્યામાં ભક્તો દર્શનાર્થે આવે છે.



ખેડૂતો પહેલું ધાન્ય સોનગઢના કંસરી માતાને અર્પણ કરે છે

ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદે તાપી જિલ્લામાં સાતપુડાની ગિરીમાળાઓ આવેલી છે. કુદરતી સૌંદર્યથી ભરપૂર એવા આ વન વિસ્તારમાં ઘટાદાર જંગલોમાં સોનગઢ તાલુકાનું કાવલા ગામ આવેલું છે. જ્યાં આદિવાસી લોકોની કુળદેવી કંસરી માતાનું પવિત્ર ધામ આવેલું છે. કંસરી માતાજી એટલે અન્નપૂર્ણા માં. અહિના લોકો વર્ષોથી ધાર્મિક રીત- રિવાજ નિભાવે છે. પોતાના ખેતરમાં ઉત્પન્ન થયેલા ધાન્ય ડાંગર, જુવાર, શેરડી, શાકભાજી વિગેરે પાક તૈયાર થાય એટલે સૌપ્રથમ માતાજીને અર્પણ કરે છે.



ઓલપાડના મહાકાળી માતાના ચરણોમાં સોપારી ચોંટાડવાની પરંપરા

ઓલપાડ તાલુકાના ભટગામ ખાતે આવેલું શ્રી મહાકાળી માતાજીનું મંદિર સમગ્ર વિસ્તારમાં ભારે આસ્થાનું કેન્દ્ર છે. અહીં સંતાન સુખની ઈચ્છા રાખતા દંપતીઓ આવીને માતાજીના ચરણોમાં સોપારી ચોંટાડવાની અનોખી માનતા રાખે છે. એવી લોકવાયકા અને શ્રદ્ધા છે કે માતાજી ભક્તોની આ મનોકામના ચોક્કસ પૂરી કરે છે. ખાસ કરીને નવરાત્રિ, પૂનમ અને મંગળવાર તેમજ રવિવાર જેવા દિવસોમાં અહીં ભક્તોની ભારે ભીડ જોવા મળે છે.

બારડોલીના જલારામ મંદિરમાં 50 વર્ષથી ઘટસ્થાપન થાય છે

મંદિરોના મંદીરોમાં ભક્તોનું ઘોડાપૂર



બારડોલી: સમગ્ર ગુજરાત સહિત બારડોલી નગરમાં પણ નવરાત્રી મહોત્સવનો ભક્તિભાવપૂર્વક શુભારંભ થયો છે. નવરાત્રીના પ્રથમ દિવસથી જ નગરના વિવિધ માતાજીના મંદિરોમાં વહેલી સવારથી દર્શનાર્થે ભક્તોની ભારે ભીડ જોવા મળી રહી છે. નગરમાં ઠેર-ઠેર પ્રાચીન અને અર્વાચીન ગરબાનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે, જેનાથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું છે.

બારડોલી સ્થિત જાણીતા જલારામ મંદિરમાં નવરાત્રી પર્વની વિશેષ અને પવિત્ર પરંપરા જોવા મળે છે. અહીં છેલ્લા 50 વર્ષથી જીતુભાઈ પૂજારીના ધર્મપત્ની દ્વારા શાસ્ત્રોક્ત વિધિ-વિધાન અનુસાર ગરબાનું ઘટસ્થાપન કરવામાં આવે છે. આ પરંપરા આ વર્ષે પણ એટલા જ શ્રદ્ધાભાવ સાથે જાળવી રાખવામાં આવી છે.

જલારામ મંદિરમાં કોઈ પણ જાતના આધુનિક સાઉન્ડ વગર, રોજ રાત્રે માત્ર ભક્તિભાવથી ભરપૂર પરંપરાગત પ્રાચીન તાળી ગરબાનું આયોજન થાય છે. આ પવિત્ર માહોલમાં ભાવિક ભક્તો માતાજીના ગરબે ઘૂમીને ધન્યતા અનુભવે છે. બારડોલીના ગોવિંદાશ્રમ ટ્રસ્ટ સંચાલિત અંબિકા નિકેતન મંદિરમાં પણ નિ:શુલ્ક શેરી ગરબાનું આયોજન કરવામાં આવે છે. જેમાં દૂર દૂરથી ભક્તો ગરબે રમવા આવે છે.

પલસાણાના જોળવામાં હીટ એન્ડ રનમાં મહિલાનું મોત

GJ-19-CA-1891 નંબરની કારનો ચાલક અકસ્માત સર્જી ફરાર

પલસાણા : સુરત ગ્રામ્ય જિલ્લાના પલસાણા તાલુકા હેઠળ આવતા જોળવા ગામ નજીક હિટ એન્ડ રનની ગંભીર ઘટના સામે આવી છે. બારડોલીથી કડોદરા તરફ જતા રોડ પર ગાર્ડન મિલ ગેટ નંબર-૦૨ સામે રસ્તો ક્રોસ કરી રહેલા ૫૦ વર્ષીય શ્રમજીવી મહિલાને અજાણ્યા કાર ચાલકે પુરઝડપે ટક્કર મારતાં તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

મળતી વિગતો અનુસાર, મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ જોળવા ગામના સંગ્રામ કોમ્પલેક્ષમાં રહેતા ૫૦ વર્ષીય અંગુરીબેન ગોટીરામ પરિહાર શનિવારે રાત્રે આશરે સવા નવ વાગ્યાના સુમારે કામ પતાવીને પરત ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન ગાર્ડન મિલ સામે રસ્તો ક્રોસ કરતી વખતે એક ફોર વ્હીલરના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારી તેમને જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે મહિલાને માથાના તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઘટના બાદ અકસ્માત સર્જીને કાર ચાલક પોતાના વાહન સાથે સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. જોકે, ટક્કરના કારણે કારની આગળની નંબર પ્લેટ (GJ-19-CA-1891) સ્થળ પર જ તૂટીને પડી ગઈ હતી. અકસ્માતની જાણ થતાં આસપાસના લોકો એકત્ર થઈ ગયા હતા અને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક પલસાણા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા.

બારડોલીમાં મીંઢોળા નદીના પુલ પરથી ચપ્પુ સાથે એક ઝડપાયો

બારડોલી : સુરત ગ્રામ્ય જિલ્લાના બારડોલી ટાઉન વિસ્તારમાં પોલીસ પેટ્રોલિંગ દરમિયાન મીંઢોળા નદીના બ્રિજ પરથી એક શખ્સને ઘાતક હથિયાર સાથે ઝડપી પાડવામાં આવ્યો છે. બારડોલી ટાઉન પોલીસ સ્ટાફ અને પંચો ખાનગી વાહનમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતા. પેટ્રોલિંગ દરમિયાન મીંઢોળા નદીના પુલ પરથી એક શંકાસ્પદ ઈસમ પસાર થતો નજરે પડ્યો હતો. પોલીસે તેને રોકી પંચોની હાજરીમાં પૂછપરછ કરતા તેણે પોતાનું નામ લાલચંદ નાગુભાઈ ગાયકવાડ (ઉંમર વર્ષ ૩૫, ધંધો મજૂરી, રહે. રંગઉપવનની પાછળ, બારડોલી) હોવાનું જણાવ્યું હતું. શખ્સની અંગઝડતી લેતાં તેના પેન્ટના આગળના ખિસ્સામાંથી આશરે ૭ ઇંચની લંબાઈ ધરાવતું પીળા પ્લાસ્ટિકના હાથાવાળું સ્ટીલનું ધારદાર ચપ્પુ મળી આવ્યું હતું.

બાબલાની નહેરમાંથી સાયણના યુવકનો મૃતદેહ મળ્યો

ઘરેથી જે બાઇક લઇને નીકળ્યો હતો તે હજુ પણ લાપતા: પોલીસે તપાસ હાથ ધરી

બારડોલી: બારડોલીના બાબલા ગામેથી પસાર થતી માઇનોર નહેરમાંથી ઓલપાડના સાયણ ગામના ૩૯ વર્ષીય અપરિણીત યુવકનો મૃતદેહ મળી આવતાં ચકચાર મચી જવા પામી છે.

સાયણ ગામના મેઈન બજાર કોળી ફળિયામાં રહેતા ખેડૂત રમણભાઈ છીબાભાઈ પટેલનો નાનો પુત્ર મેહુલ પટેલ (ઉ.વ.૩૯) ગત તારીખ ૯ ઓક્ટોબરના રોજ સવારે દસેકવાગ્યાના સુમારે પોતાના ઘરેથી પેશન મોટરસાઇકલ (નં. GJ-05-FJ-7872) લઈને બારડોલી જવા નીકળ્યો હતો. મોડી સાંજ સુધી તે ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ સગા-સંબંધીઓમાં ભારે શોધખોળ હાથ ધરી હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી નહોતી. દરમિયાન, બાબલા ગામ નજીક કાકરાપાર ડાબા કાંઠાની માઇનોર નહેરના પાણીમાં એક અજાણ્યા યુવકનો મૃતદેહ તરતો હોવાની જાણ સ્થાનિક લોકોને થઈ હતી.

મૃતક ના પેન્ટના ખિસ્સામાંથી મળેલા ઓળખકાર્ડના આધારે સાયણ ખાતે તેના પરિચિતોનો સંપર્ક કરવામાં આવ્યો હતો. યુવક નહેરમાં કયા સંજોગોમાં ડૂબ્યો તે અંગે હજુ સુધી કોઈ ચોક્કસ કારણ સામે આવ્યું નથી.

આ ઉપરાંત યુવક ઘરેથી જે મોટરસાઇકલ લઈને નીકળ્યો હતો તે બાઇક પણ હજુ સુધી મળી આવી નથી. યુવક બારડોલી તરફ કેવી રીતે અને શા માટે પહોંચ્યો તેમજ તેની મોટરસાઇકલ ક્યાં ગઈ, તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

કબીરવડમાં હોડીઘાટ તરફ જતો રસ્તો બંધ કરી દેવાયો

સરપંચ અને કોન્ટ્રાક્ટરના વિવાદમાં પ્રવાસન પર જોખમ



ભરૂચ : ભરૂચ જિલ્લાની ઓળખ સમાન કબીરવડ ધામ સુધી પહોંચવા માટેની હોડી સેવા બંધ થતાં પ્રવાસન પ્રવૃત્તિ પર ગંભીર અસર થવાની આશંકા ઊભી થઈ છે. મંગલેશ્વરથી કબીરવડ સુધી પ્રવાસીઓને લઈ જતી હોડી સેવા ગ્રામ પંચાયત દ્વારા હોડી ઘાટ તરફ જતો રસ્તો બંધ કરી દેવામાં આવતાં પ્રવાસીઓ માટે ફટકો પડ્યો છે. જમીનની માલિકી, હોડી ઘાટના સંચાલનના અધિકાર અને તેમાંથી થતી આવકને લઈને વિવાદ સર્જાયો છે.

જિલ્લા પંચાયત દ્વારા અંદાજે રૂ. 44 લાખની કિંમતે રાહુલ માછીને હોડી ઘાટનું સંચાલન સોંપવામાં આવ્યું હતું. છેલ્લા દોઢ વર્ષથી હોડી સેવા કાર્યરત હતી. મંગલેશ્વરના સરપંચ પંકજ વસાવાના જણાવ્યા અનુસાર, હોડી ઘાટનું સંચાલન જે જમીન પરથી થાય છે તે સર્વે નંબર 851 અને 852 ગ્રામ પંચાયતની માલિકીની છે. પંચાયતની જમીન પર બહારની વ્યક્તિ વ્યવસાય કેવી રીતે કરી શકે તેવો સવાલ ઉઠાવી તેમણે જમીનનો કબજો પંચાયતને પરત સોંપવાની માંગ કરી છે.

હોડી ઘાટના સંચાલક કમલેશ માછીએ આ કાર્યવાહી સામે વાંધો ઉઠાવીને જણાવ્યું કે, પંચાયત દ્વારા નિર્ધારિત કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને હોડી ઘાટનું સંચાલન સત્તાવાર રીતે સોંપવામાં આવ્યું હતું અને તેના માટે સરકારમાં નિયત રકમ પણ જમા કરાવવામાં આવી હતી.કમલેશ માછીએ જણાવ્યું હતું કે, 'છેલ્લા દોઢ વર્ષથી અમે પ્રવાસીઓને સુરક્ષિત હોડી સેવા આપી રહ્યા છીએ. તેમ છતાં ગ્રામ પંચાયતે કોઈ પૂર્વનોટિસ આપ્યા વિના માત્ર એક લેખિત ચિઠ્ઠી આપીને હોડી ઘાટ તરફ જતો રસ્તો બંધ કરી દીધો છે. અમે કોઈ ગેરકાયદે પ્રવૃત્તિ કરતા નથી. આ નિર્ણયથી અમને મોટું આર્થિક નુકસાન થઈ રહ્યું છે.'

હાલ જમીનની માલિકી અને હોડી ઘાટના સંચાલનને લઈને વિવાદ સર્જાતાં સેવા અટકી પડી છે. તંત્ર દ્વારા આ મામલે યોગ્ય ઉકેલ લાવવામાં આવે તેવી માંગ છે.

ભરૂચમાં રજવાડી ચાની ફ્રેન્ચાઈઝીનો સંચાલક અફીણ સાથે ઝડપાયો

SOGએ રૂમમાંથી રૂપિયા 58000ની કિંમતનું 96 ગ્રામ અફીણ શોધી કાઢ્યું



ભરૂચ : ભરૂચ શહેરના જંબુસર બાયપાસ ચોકડી પાસે આવેલી રજવાડી ચાની ફ્રેન્ચાઈઝીના સંચાલકના રૂમમાંથી ભરૂચ એસઓજી ટીમે 96 ગ્રામ અફીણનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ દરોડામાં અફીણ સહિત કુલ 58,000નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

મળતી માહિતી અનુસાર, ભરૂચ શહેરના જંબુસર બાયપાસ ચોકડી પાસે મોહમદ્દી કોમ્પ્લેક્ષમાં આવેલી રજવાડી ચાની ફ્રેન્ચાઈઝીના સંચાલક નરેશ તાજેંગ પાટીદારના રૂમમાંથી 48,000ની કિંમતનું અફીણ અને મોબાઈલ ફોન મળી કુલ 58,000નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.પોલીસને મળેલ ચોક્કસ બાતમીના આધારે SOG PI એ.વી. પાણમીયાની ટીમે ચાની દુકાનના ઉપર આવેલા રૂમમાં દરોડો પાડ્યો હતો. આ તપાસ દરમિયાન ત્યાંથી અફીણનો જથ્થો મળી આવતાં દુકાન સંચાલક નરેશ પાટીદારની સ્થળ પરથી જ ધરપકડ કરી કાયદેસરની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ આ અફીણ પોતાના અંગત સેવન માટે લાવ્યો હોવાની કબૂલાત કરી હતી. હાલમાં આ અફીણનો જથ્થો ક્યાંથી મેળવવામાં આવ્યો હતો તે દિશામાં પોલીસે તપાસ તેજ કરી છે.

નવરાત્રિ માટે બેચરાજી સુધી રાજપીપળાથી બસ દોડાવાશે

ભક્તોની સુવિધા માટે GSRTC ભરૂચ વિભાગ દ્વારા વિશેષ બસનું સંચાલન: રાજપીપળાથી બપોરે ૧૨:૦૦ કલાકે બસ ઉપડશે

આ વિશેષ બસ સેવા માત્ર નવરાત્રિ અને દશેરાના પર્વ દરમિયાન જ કાર્યરત રહેશે: ઇજનેર જી.કે. પટેલ

રાજપીપળા : નર્મદા જિલ્લાના મુખ્ય બસ સ્ટેશન રાજપીપળા ખાતે ગ્રામ હાટના ઉદ્ઘાટન પ્રસંગે નવરાત્રી અને દશેરાના પાવન પર્વ નિમિત્તે ભક્તોની સુવિધાને ધ્યાનમાં રાખીને શરૂ કરવામાં આવેલી વિશેષ બસને માન.સાંસદશ્રી મનસુખભાઈ વસાવા, માન.નાંદોદ ધારાસભ્ય ડો. દર્શનાબેન દેશમુખ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.

નવરાત્રી અને દશેરાના પર્વ દરમિયાન ભક્તો સરળતાથી ધાર્મિક સ્થળોએ પહોંચી શકે તે હેતુથી GSRTC ભરૂચ વિભાગ દ્વારા રાજપીપળાથી બેચરાજી સુધી વિશેષ બસ સેવા શરૂ કરવામાં આવી છે. આ બસ અમદાવાદ, ડભોઈ, વડોદરા, રાણીપ, છત્રાલ અને કડી સહિતનાં સ્થળો થઈને જશે.

આ અંગે ભરૂચના યાંત્રિક ઈજનેરશ્રી જી.કે. પટેલે જણાવ્યું હતું કે, આ વિશેષ બસ રાજપીપળા બસ સ્ટેશનથી બપોરે ૧૨:૦૦ કલાકે ઉપડશે. આ બસ સેવાના માધ્યમથી નવરાત્રી અને દશેરાના પર્વ દરમિયાન બેચરાજી જવા ઇચ્છતા ભાવિક ભક્તોને મુસાફરીમાં સુવિધા મળશે.

દેરોદમાં રહેતા યુવાને આર્થિક સંકડામણમાં ઝેરી દવા પી આપઘાત કર્યો

કામરેજ : દેરોદ શુભનંદની સોસાયટીના યુવાને આપઘાત કરી લીધો હતો. મુળ અમરેલી જિલ્લાના બાબરા તાલુકાના પીપળીયા ગામના વતની અને હાલ કામરેજ તાલુકાના દેરોદ ગામની હદમાં આવેલી શુભનંદની સોસાયટી વિભાગ-2માં મકાન નંબર 971 માં રાકેશ વલ્લભભાઈ કાલેણા (ઉ.વ.35) વિડીયો શુટીંગ તેમજ ડીલવરીનુ કામ કરતાં હતા.પરંતુ આર્થિક સંકામણના લઈને છેલ્લા ચાર પાંચ દિવસથી તણાવમાં રહેતા હોવાથી શનિવારના રોજ બપોરના રાકેશ પત્ની દયાબેન સાથે જમીને કામ પર જવા માટે નીકળી ગયા હતાં. થોડીવારમાં તેણે મોટાભાઈને ફોન કરીને દવા પી લીધી હોવાનું જણાવ્યું હતું. જેથી તેન પહેલા ખોલવડની દીનબંધુ અને ત્યાંથી સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યા સારવાર દરમિયાન તનું મોત થયું હતું.

સંક્ષિપ્ત સમાચાર

કડોદમાં સેવાયજ્ઞ ટ્રસ્ટના નિ:શુલ્ક મેડિકલ કેમ્પમાં 206 દર્દીઓએ લાભ લીધો



કડોદ : સેવાયજ્ઞ ટ્રસ્ટ, કડોદ દ્વારા દામોદરદાસ ગાંધી હોસ્પિટલ, કડોદના સહયોગથી હાડકા અને સાંધાના રોગો તથા કાન-નાક-ગળા (ENT)ની બીમારીઓ માટે નિ:શુલ્ક નિદાન અને સારવાર કેમ્પનું સફળ આયોજન તા.૧૧ મી ઓક્ટોબર ના રોજ કરવામાં આવ્યું હતું. કેમ્પને દર્દીઓ તરફથી બહોળો પ્રતિસાદ મળ્યો હતો અને શરૂઆતથી જ મોટી સંખ્યામાં દર્દીઓનો ધસારો જોવા મળ્યો હતો. આ સેવાકીય કેમ્પમાં કુલ 206 દર્દીઓએ નિ:શુલ્ક તબીબી સેવાઓનો લાભ લીધો હતો. બારડોલી પંથકના જાણીતા હાડકા અને સાંધાના નિષ્ણાત ડો. પ્રતિકસિંહ દેસાઈ તથા કાન-નાક-ગળાના નિષ્ણાત ડો. સુમિત પરમાર દ્વારા દર્દીઓની તબીબી તપાસ કરી જરૂરી સારવાર અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

નર્મદાના રાજપીપળા ખાતે ગ્રામ હાટ શરૂ કરાયું



રાજપીપળા : નર્મદા જિલ્લાના મુખ્ય બસ સ્ટેશન રાજપીપળા ખાતે ગ્રામ્ય સ્વસહાય જૂથોની બહેનોને આત્મનિર્ભર બનાવવાના હેતુથી શરૂ કરાયેલા 'ગ્રામ હાટ'નું ઉદ્ઘાટન સાંસદ મનસુખભાઈ વસાવા સહિત ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રિબીન કાપીને કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા મહિલા સશક્તિકરણને પ્રોત્સાહન આપવા અને સ્થાનિક સખી મંડળોની બહેનોની કલા, કૌશલ્ય તથા સર્જનાત્મકતાને યોગ્ય સ્થાન મળી રહે તેવા હેતુથી સમગ્ર રાજ્યની સાથે નર્મદા જિલ્લામાં પણ ગ્રામ હાટ શરૂ કરવામાં આવ્યું છે.

ભરૂચમાં હોન્ડા સ્પ્લેન્ડર મોટરસાઇકલની ચોરી

ભરૂચ : ભરૂચ જંબુસર બાયપાસ રોડ પર જય વિશાલનગર સોસાયટીમાં રહેતા ૭૦ વર્ષીય પ્રતાપસંગ ફતેસંગ બારોટે ગઈ તા. ૦૨/૦૮/૨૦૨૬ના રોજ સાંજે ૦૭:૦૦ વાગ્યાના અરસામાં તેઓએ તેમની મોટરસાઇકલ સોસાયટીમાં તેમના ઘરની આગળ પાર્ક કરેલી હતી. બીજા દિવસે તા. ૦૩/૦૮/૨૦૨૬ના રોજ સવારે ઊઠીને જોતાં મોટરસાઇકલ તેની જગ્યાએથી ગાયબ હતી. જેથી તેમણે આ બનાવ અંગે પોલીસ ફરિયાદ કરી છે.

Milano MULTIPLEX
બારડોલી
Drishyam:The Conclusion
10:00am, 12:00pm, 01:00pm, 03:00pm, 04:00pm, 06:00pm, 07:00pm, 09:00pm, 09:30pm, 10:00pm
The Vvaan - 11:00am
Hanuman Ansh - 02:00pm
Mitrata-Gujarati- 05:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

ડેડિયાપાડામાં માર્ગ અકસ્માતમાં એકનું મોત

એક યુવાનને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો

દિલીપ વસાવા નામના યુવાન સામે ગુનો નોંધાયો

ભરૂચ, ચિકદા: નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના જરગામથી મોસીટ ગામ તરફ જતાં વડીવાવ ફાટકની નજીક રોડ ઉપર રાત્રે એક ગંભીર માર્ગ અકસ્માતમાં એક શખ્સનું મોત નીપજ્યું હતું.

મોસીટ ગામના રહેવાસી મૃતક અંબાલાલ વસાવાની પત્ની રમણીબેનએ ડેડિયાપાડા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, તેઓ તેમના પરિવાર સાથે રહે છે અને ખેતી કરીને જીવનનિર્વાહ ચલાવે છે. પોતાની મોટરસાઈકલ (નં. GJ 22 K 7058) પર શનિવારે રાત્રે લગભગ 7.30 વાગ્યાના સુમારે ઘરે આવી રહ્યો હતો. તે સમયે અંબાલાલ રામજીભાઈ વસાવા પોતાની મોટરસાઈકલ લઈને દિલીપભાઈની પાછળ આવી રહ્યા હતા. આ દરમિયાન, અંબાલાલ રામજીભાઈએ પોતાની મોટરસાઈકલની આગળ ચાલતા સાઈકલચાલક ઉમેશભાઈ ધનજીભાઈ વસાવા (રહે. મોસીટ, તા. ડેડિયાપાડા)ને પાછળથી ટક્કર મારી અકસ્માત કરી માથામાં પાછલા ભાગે ગંભીર પ્રકારની ઈજાઓ પહોંચાડી મોત નીપજાવ્યું હતું. જ્યારે પોતાને પણ પાછલાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જે ઘટના અંગે મોટરસાઈકલ બેફિકરાઈથી ચલાવનાર દિલીપ અમરસિંગ વસાવા વિરુદ્ધમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી અકસ્માતના અનેક બનાવો બની રહ્યાં છે. ખાસ કરીને કેટલાક લોકો જોખમી રીતે ગાડી ચલાવે છે.



સોનગઢમાંથી ૧૯.૬૯ લાખના દારૂ સાથે બે બોલેરો ઝડપાઇ

સોનગઢ: મહારાષ્ટ્રના નવાપુર તરફથી બે પિકઅપ ગાડીઓ (MP 10 G 3679 અને MP 46 ZE 2463) દારૂ ભરી સોનગઢ-વ્યારા થઈ વડોદરા તરફ જઈ રહી હોવાની બાતમી મળતા તાપી જિલ્લા લોકલ ક્રાઇમ બ્રાન્ચ (LCB) અને પેરોલ-ફર્લો સ્ક્વોડે સોનગઢના નવા આર.ટી.ઓ. ચેકપોસ્ટ પાસે દરોડો પ્રથમ ગાડી અટકાવી મધ્યપ્રદેશના ડ્રાઇવર વિકાસ મોરે અને ક્લીનર પવન ખેડકરને ઝડપી લીધા હતા. બીજી પિકઅપ ગાડીના ચાલકે નાસવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ચોરવાડ પાટિયા નજીક ગાડી મૂકી ડ્રાઇવર અને ક્લીનર અંધારાનો લાભ લઈ ખેતરોમાં ભાગી છૂટ્યા હતા.

પોલીસે બંને ગાડીમાંથી કુલ ૪,૩૯૨ બાટલી દારૂ (કિંમત રૂ. ૯,૬૪,૯૯૨), બે બોલેરો ગાડીઓ અને મોબાઇલ મળી રૂ.૧૯.૬૯ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે કુલ ૪ વોન્ટેડ જાહેર કરી તપાસ હાથ ધરી છે.

હરિયાણાથી વડોદરા જતું દારૂ ભરેલું કન્ટેનર ઝડપાયું

એસીની આડમાં દારૂની હેરાફેરી, પાંચને વોન્ટેડ જાહેર કરાયા

ભરૂચ, અંકલેશ્વર: સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)ની ટીમે અંકલેશ્વર હાઈવે પરથી વિદેશી દારૂથી ભરેલું કન્ટેનર ઝડપી પાડ્યું હતું. આ કન્ટેનર હરિયાણાથી ભરૂચ થઈને વડોદરા પહોંચાડવાનું હતું.

SMCની ટીમને મળેલી ચોક્કસ બાતમીના આધારે ચકોર નજર રાખીને બુટલેગરોના મોડસ ઓપરેન્ડીને ઝડપી પાડતાં આખું રેકેટ ખુલ્લું પડ્યું છે. બાતમી મુજબ, હરિયાણા ખાતે રહેતા શકુન રમજાનખાન નામના ઈસમે હરિયાણાથી કન્ટેનર (નં. HR 55 AR 9998)માં વિદેશી દારૂનો જથ્થો ભરીને વડોદરા ખાતે રહેતા હિમાંશુ નારાયણદાસ ચંદાણીને મોકલી આપ્યો હતો. જોકે, ડ્રાઈવર અને ક્લીનરને પોલીસની જાણ થતાં તેઓ કન્ટેનરને અંકલેશ્વર નોબલ માર્કેટ પાસે જાહેર રોડ પર મૂકીને ફરાર થઈ ગયા હતા. SMCની ટીમ ઘટનાસ્થળે પહોંચતાં દારૂનો જથ્થો ઢાંકવા માટે એસી કંડીશનરની આડમાં રાખવામાં આવ્યો હતો. કન્ટેનરમાંથી વિદેશી દારૂની કુલ 11,111 બોટલ (કિંમત રૂ.45,49,117), તેમજ 111 નંગ એસી (કિંમત રૂ.55,50,000) મળી આવ્યા હતા.

કન્ટેનરની કિંમત રૂ.25 લાખ ગણતાં કુલ રૂ.1,25,99,117નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

આ અંગે પોલીસે દારૂનો જથ્થો મંગાવનાર વડોદરાના હિમાંશુ નારાયણદાસ ચંદાણી, હરિયાણાથી વિદેશી દારૂ મોકલનાર શકુન રમજાનખાન (હરિયાણા), કન્ટેનર ચાલક સુરેન્દ્રસિંહ, ક્લીનર મણી અને ગુજરાતમાં કન્ટેનરના અન્ય ચાલક સામે અંકલેશ્વર બી ડિવિઝનમાં ગુનો નોંધ્યો છે.